# ધી કે.એન.એસ.બી.એલ.
# આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ખેરાલુ

ISO 9001:2015 • ISO 21001 : 2018 • ISO 14001 : 2015 • ISO 45001 : 2018
Certified Institution



**Full Fire Safety & Eco-Friendly Green Campus**



ONLINE
# ADMISSION PROSPECTUS
## 2021-22

દેસાઈ માનસિંહભાઈ નાથુભાઈ
પ્રમુખશ્રી

ચૌધરી લાલજીભાઈ દેવજીભાઈ
મંત્રીશ્રી

ખે.તા.ઉ.વિ. કેળવણી મંડળ, ખેરાલુ

પ્રિ.ડૉ. બાબુભાઈ ચૌધરી
પ્રિન્સીપાલ

# ખે.તા.ઉ.વિ. કેળવણી મંડળ, ખેરાલુ

## કારોબારી સમિતિ : વર્ષ ૨૦૨૧-૨૨

| અ.નં. | નામ | હોદ્દો | ગામ |
|---|---|---|---|
| ૧ | દેસાઈ માનસિંહભાઈ નાથુભાઈ | પ્રમુખશ્રી | ખેરાલુ |
| ૨ | પટેલ ઘેમરભાઈ જીવાભાઈ | ઉપપ્રમુખશ્રી | ખેરાલુ |
| ૩ | ચૌધરી લાલજીભાઈ દેવજીભાઈ | મંત્રીશ્રી | અરઠી |
| ૪ | દેસાઈ જગુભાઈ ધનજીભાઈ | સહમંત્રીશ્રી | ખેરાલુ |
| ૫ | ચૌધરી રામસંગભાઈ મૂળજીભાઈ | સહમંત્રીશ્રી | બળાદ |
| ૬ | દેસાઈ જનકકુમાર ધનજીભાઈ | કા. સભ્યશ્રી | ખેરાલુ |
| ૭ | દેસાઈ મહેન્દ્રભાઈ લવજીભાઈ | કા. સભ્યશ્રી | ખેરાલુ |
| ૮ | દેસાઈ અશોકકુમાર મોહનભાઈ | કા. સભ્યશ્રી | ખેરાલુ |
| ૯ | દેસાઈ છગનભાઈ દલજીભાઈ | કા. સભ્યશ્રી | ખેરાલુ |
| ૧૦ | દેસાઈ જશુભાઈ મોતીભાઈ | કા. સભ્યશ્રી | ખેરાલુ |
| ૧૧ | દેસાઈ ભરતભાઈ જશુભાઈ | કા. સભ્યશ્રી | ખેરાલુ |
| ૧૨ | દેસાઈ દિલિપભાઈ હેમરાજભાઈ | કા. સભ્યશ્રી | ખેરાલુ |
| ૧૩ | દેસાઈ વિનોદભાઈ દલજીભાઈ | કા. સભ્યશ્રી | ખેરાલુ |
| ૧૪ | પટેલ મોઘજીભાઈ ધનજીભાઈ | કા. સભ્યશ્રી | ખેરાલુ |
| ૧૫ | ચૌધરી લાલજીભાઈ ગણેશભાઈ | કા. સભ્યશ્રી | ખેરાલુ |
| ૧૬ | ચૌધરી ભીખાભાઈ રામજીભાઈ | કા. સભ્યશ્રી | ખેરાલુ |
| ૧૭ | ચૌધરી દલજીભાઈ રામજીભાઈ | કા. સભ્યશ્રી | વઘવાડી |
| ૧૮ | ચૌધરી ગણેશભાઈ હાથીભાઈ | કા. સભ્યશ્રી | ડાવોલ |
| ૧૯ | ચૌધરી મૂળજીભાઈ મસોતભાઈ | કા. સભ્યશ્રી | વિઠોડા |
| ૨૦ | ચૌધરી ગણેશભાઈ કરણાભાઈ | કા. સભ્યશ્રી | મંડાલી |
| ૨૧ | ચૌધરી મોતીભાઈ કરશનભાઈ | કા. સભ્યશ્રી | ખેરાલુ |
| ૨૨ | ચૌધરી રામજીભાઈ વિરસંગભાઈ | કા. સભ્યશ્રી | મંદ્રોપુર |
| ૨૩ | ચૌધરી સરદારભાઈ શામળભાઈ | કા. સભ્યશ્રી | ફતેહપુરા |
| ૨૪ | ચૌધરી માનસિંહભાઈ દેવજીભાઈ | કા. સભ્યશ્રી | અરઠી |
| ૨૫ | દેસાઈ હસમુખલાલ જગજીવનરામ | કા. સભ્યશ્રી | અમરેલી |
| ૨૬ | ખેરાલુ નાગરિક સહ.બેંક લી.ના પ્રતિનિધિ | કા. સભ્યશ્રી | ખેરાલુ |
| ૨૭ | ડૉ. હર્ષદભાઈ ડાહ્યાલાલ વૈદ્ય | કા. સભ્યશ્રી | ખેરાલુ |
| ૨૮ | પરમાર ચીમનલાલ જીવાભાઈ | કા. સભ્યશ્રી | ખેરાલુ |
| ૨૯ | સિન્ધી જહાંગીરભાઈ વલીમહંમદ | કા. સભ્યશ્રી | ખેરાલુ |
| ૩૦ | બારોટ મહેશભાઈ દશરથભાઈ | કા. સભ્યશ્રી | ખેરાલુ |
| ૩૧ | પટેલ ભરતભાઈ ગોદડભાઈ | આંતરિક ઓડીટર | ખેરાલુ |
| ૩૨ | શાહ હર્ષદભાઈ જયંતિલાલ | આમંત્રિત સભ્યશ્રી | ખેરાલુ |
| ૩૩ | પટેલ શરદકુમાર બાબુભાઈ | આમંત્રિત સભ્યશ્રી | ખેરાલુ |

ADMISSION PROSPECTUS

# OUR VISION

શિક્ષણ જેવા શક્તિશાળી માધ્યમ દ્વારા અંતરિયાળ સ્થાનિક ગ્રામીણ પ્રદેશને આર્થિક, સામાજિક પછાતપણામાંથી મુકત કરી, વૈશ્વિક પરિવર્તનોને તાલે અને ભારતીય સંસ્કૃતિને અનુરૂપ સર્વાંગી વ્યક્તિત્વનું ઘડતર કરવું.

# OUR GOALS

(૧) શિક્ષણના વર્તમાન માળખાને અનુરૂપ વિદ્યાર્થીઓ ઉત્તમ દેખાવ કરે અને ઉજ્જવળ કારકિર્દી બનાવે તેમાં મદદરૂપ થવું.

(૨) વિદ્યાર્થીઓ માટે સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કરી વિદ્યાર્થીઓ માટે વૈશ્વિક સ્પર્ધાત્મક બજારમાં તેમનો સર્વાંગી વિકાસ થાય અને તેઓ ઉચ્ચ કક્ષાએ તકો પ્રાપ્ત કરી શકે તે માટે માર્ગદર્શન પૂરૂં પાડ્વું.

(૩) વિદ્યાર્થીઓ સામાજીક માળખાને અનુરૂપ સુસંવાદિતા સાધી શકે અને અન્યો સાથે સહેલાઇથી હળીમળી શકે, સહકારિતા સાધી શકે એ રીતે આત્મકેન્દ્રીપણાને બદલે પરલક્ષીપણું આવે અને સામાજીક દ્રષ્ટિ ખીલે, સમાજસેવા માટે તત્પર બને તેવી પ્રેરણા પૂરી પાડવી.

(૪) વિદ્યાર્થીઓ સ્વાતંત્ર્ય અને લોકશાહીના મૂલ્યોનું જતન કરે તે માટેના પ્રયાસો કરવા.

(૫) વિદ્યાર્થીઓમાં શ્રમનું ગૌરવ જળવાય અને પ્રાથમિક શ્રમ પ્રત્યે અભિમુખતા કેળવાય તેવા પ્રયત્નો કરવા.

(૬) વિદ્યાર્થીઓમાં સ્નાતક/અનુસ્નાતક થયા બાદ પણ સતત અધ્યયનનું સાતત્ય જાળવે તે માટે મદદરૂપ થવું.


(૭) વિદ્યાર્થીઓમાં સતત ચિંતનની પ્રક્રિયા કેળવવી.

(૮) વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ કેળવાય તે માટેના પ્રયત્નો કરવા.

(૯) ભારતીય સંસ્કૃતિને અનુરૂપ સાંસ્કૃતિક વિકાસ અને સભ્યતાને અનુરૂપ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરવી.

(૧૦) શરીર સૌષ્ઠવ તેમજ શિસ્ત અને ખેલદિલી જેવા સદગુણો ખિલવવા રમતગમતની સ્પર્ધાઓ યોજવી અને તે માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા.

(૧૧) જીવન પ્રત્યે જવાબદારી ભર્યું વર્તન વિકસાવવા માટે વિદ્યાર્થીઓને મદદરૂપ થવું.















# કોલેજનો પરિચય



ખેરાલુ તાલુકા ઉત્તર વિભાગ કેળવણી મંડળ સંચાલિત ધી ખેરાલુ નાગરિક સહકારી બેંક લિ. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખેરાલુની સ્થાપના સને ૧૯૮૬ માં થઈ. કોલેજ સ્થાપનાના પ્રથમ વર્ષે કુલ ૧૩૫ વિદ્યાર્થીઓ અભ્યાસમાં જોડાયા. તે સમયે કોલેજનું જોડાણ ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ સાથેનું હતું. ત્યારબાદ મહેસાણા-પાટણ અને બનાસકાંઠા જિલ્લાનું કાર્યક્ષેત્ર ધરાવતી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ અસ્તિત્વમાં આવતાં કોલેજ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ સાથે જોડાઈ. વર્ષ ૨૦૦૧ થી કોલેજ કાયમી જોડાણ ધરાવે છે તથા UGC ની 12-b, 2F ની યાદીમાં સમાવિષ્ટ છે. સ્નાતક કક્ષા સુધી આર્ટ્સ એન્ડ કોમર્સ તથા અનુસ્નાતક કક્ષાએ અંગ્રેજી તથા ગુજરાતી વિષયનું અધ્યાપન થાય છે.

આર્ટ્સ વિભાગમાં મુખ્ય વિષય અર્થશાસ્ત્ર, અંગ્રેજી, ગુજરાતી, ઈતિહાસ તથા સમાજશાસ્ત્ર છે. જ્યારે ગૌણ વિષયોમાં સંસ્કૃત, હિન્દી, સમાજશાસ્ત્ર, ઈતિહાસ છે. કોમર્સ વિભાગમાં મુખ્ય વિષય એન્ડવાન્સ એકાઉન્ટસી એન્ડ ઓડીટીંગ અને ગૌણ વિષય એસ.પી. આંકડાશાસ્ત્ર, ટેક્ષેશન, ધંધાકીય કાયદો, કોર્પોરેટ કોમ્યુનિકેશન વગેરે છે. ખે.તા.ઉ.વિ. કેળવણી મંડળના વાહકો પ્રમુખ/મંત્રીશ્રી અને હોદ્દેદારોની રાહબરી હેઠળ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ નિષ્ઠાપૂર્વક પોતાની ફરજો બજાવી રહ્યા છે. કોલેજ ત્રણ દાયકા વટાવી સમગ્ર આનર્ત પ્રદેશમાં શિક્ષણક્ષેત્રે હરણફાળ ભરી રહેલ છે. કોલેજના વર્તમાન આચાર્યશ્રી ડૉ. બી.જે. ચૌધરીના નેતૃત્વમાં આગેકદમ કૂચ જાળવી રહેલ છે.

દરેક કોલેજને પોતાની સંસ્કૃતિની આગવી છાપ હોય છે, જે એના વિદ્યાર્થીઓના સંસ્કાર ઘડતરમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. ભારતનું શિક્ષણ અને શિક્ષણ પ્રણાલી રાષ્ટ્રભક્તિ અને ચારિત્ર્ય નિર્માણ પર ભાર મૂકે છે. કોલેજના શૈક્ષણિક કર્તવ્યોમાં વિદ્યાર્થીની માનસિક યોગ્યતાનો વિકાસ, સંતુલિત મસ્તિષ્કની કેળવણી, સંસ્કૃતિનું સંરક્ષણ અને હસ્તાંતરણ, આર્થિક કૌશલ્ય, નાગરિકતાનો વિકાસ અને ચારિત્રિક વિકાસને અગ્રતા, શારીરિક વિકાસ, સામાજિક ભાવનાનો વિકાસ અને રાષ્ટ્રીય ગૌરવ તથા દેશ ભક્તિની ભાવનાનું શિક્ષણ કેન્દ્ર સ્થાને છે. સમગ્રતયા ઉમદા શિક્ષણ થકી વિદ્યાર્થી વિકાસ સૂચકાંકને ઊંચો લઈ જવો એ જ અમારો પવિત્ર ઉદ્દેશ છે.

## SEM-6
## MARCH-JUNE-2020
## SUBJECT WISE RESULT

| SUBJECT | PERCENTAGE |
|---|---|
| English | 91.00% |
| Economics | 92.00% |
| Gujarati | 96.25% |
| Sociology (SF) | 99.70% |
| History (SF) | 94.85% |
| M.A. IV English (SF) | 98.00% |
| M.A. IV Gujarati (SF) | 100% |
| Commerce | 97.25% |

## SEM-5
## OCT-DEC-2020
## SUBJECT WISE RESULT

| SUBJECT | PERCENTAGE |
|---|---|
| English | 90.00% |
| Economics | 91.00% |
| Gujarati | 97.88% |
| Sociology (SF) | 98.79% |
| History (SF) | 95.77% |
| M.A. II English (SF) | 97.66% |
| M.A. II Gujarati (SF) | 100% |
| Commerce | 98.29% |

# STAFF LIST

| Name | Subject | Degree |
|---|---|---|
| Prin. Dr. Babubhai I. Chaudhari | English | M.A., Ph.D. |
| Prof. Kesharbhai B. Patel | History | M.A., B.Ed., L.L.B. |
| Prof. Dr. Vinaykant M. Parmar | Gujarati | M.A., Ph.D. |
| Prof. Dr. Kanubhai D. Rathwa | Economics | M.A., Ph.D. |
| Prof. Dr. Bhagvanbhai H. Chaudhari | English | M.A., B.Ed. L.L.B., Ph.D. |
| Prof. Ganeshbhai N. Patel | Economics | M.A. |
| Prof. Sureshbhai P. Prajapati | Commerce | M.Com. (Ph.D. in progress) |
| Prof. Dr. Meenaben N. Patel | Gujarati | M.A., B.Ed., Ph.D. |
| Prof. Dr. Mukeshbhai P. Vyas | Hindi | M.A., Ph.D. |
| Prof. Dr. Hiralben J. Patel | English | M.A., Ph.D., NET, SLET |
| Prof. Dr. Shitalben B. Prajapati | Gujarati | M.A., M.Phil, Ph.D., NET |
| Prof. Dr. Raghubhai K. Patel | Sanskrit | M.A., Ph.D., GSLET |
| Shri Girishbhai M. Kapadiya | Librarian | M.Com, M.Lib., (Ph.D. in progress) |
| Prof. Dr. Haresh B. Chaudhari | Sociology | M.A., B.Ed., M.Phil., Ph.D., L.L.B. |
| Prof. Rinkalben G. Chaudhari | Sociology | M.A.,B.Ed. (Ph.D. in Progress) |

## મુલાકાતી અધ્યાપકો (મંડળ દ્વારા ભરતી)

| Name | Subject | Degree |
|---|---|---|
| Shree Bharatbhai K. Chaudhari | Sociology | M.A., B.Ed. |
| Shree Jashubhai V. Desai | Economics | M.A., P.G.D.C.A. |
| Shree Hiren P. Chaudhari | English | M.A., B.Ed. |
| Shree Vipulbhai R. Chaudhari | Gujarati | M.A., B.Ed. |
| Shree Harshadbhai K. Chaudhari | History | M.A., B.Ed. |
| Shree Vipul A. Prajapati | Commerce | M.Com |
| Shree Shitalben Mistry | Sanskrit | M.A, B.Ed. |
| Shree Ashvini B. Prajapati | Commerce | M.Com |
| Shree Mehul Jayswal | Physical Instructor | B.P.Ed., M.P.Ed, Ph.D. in Progress |

## વહીવટી સ્ટાફ

| Name | Designation | Name | Designation |
|---|---|---|---|
| Shree Jasmin P. Devi | Accountant | Shree Manoj Trivedi | Peon |
| Shree Suresh M. Prajapati | Sr. Clerk | Shree Kanti Bumbadiya | Peon |
| Shree Mahmad Mansuri | Comp. Operator | Shree Rameshbhai Desai | Watchman |
| Ku. Kinjal Prajapati | Comp. Operator | Shree Pravin Solanki | Sweeper |
| Shree Ajay Desai | Peon | Shree Arvind Makwana | Sweeper |

# કોલેજ ગ્રંથાલય

કોલેજમાં મહત્ત્વના અંગ તરીકે કાર્યરત એવું સમૃદ્ધ ગ્રંથાલય છે. જે કોલેજની શૈક્ષણિક અને શિક્ષણેતર પ્રવૃત્તિઓમાં મહત્ત્વની ભૂમિકા અદા કરે છે. જેમાં ગ્રંથભંડાર, વાંચન ખંડ, સામયિકો, કમ્પ્યૂટર, ટેપરેકોર્ડર, ઈન્ફર્મેશન ટેકનોલોજીનાં સાધનો, ઈન્ટરનેટ એક્સેસ વગેરે જેવી અદ્યતન સગવડો ઉપલબ્ધ છે.

## ગ્રંથાલય સમૃદ્ધિ

| વિગત | પુસ્તકો | સામયિકો | દૈનિકપત્રો | ઈ-બુકસ N-List | ઈ-જર્નલ N-List | CDS |
|---|---|---|---|---|---|---|
| સંખ્યા | ૧૯૩૮૮ | ૫૪ | ૬ | ૨૮,૦૦૦ | ૬૦૦૦ | ૭૦૦ |

આ ઉપરાંત નકશા, એટલાસ, વિશ્વકોશ, શબ્દકોશ, સંદર્ભગ્રંથો, થીસિસ, સામયિકનાં બાઈંડિંગ વોલ્યુમ વગેરે પણ ઉપલબ્ધ છે.

## ગ્રંથાલય સેવાઓ અને પ્રવૃત્તિઓ

૧. સંદર્ભ અને માહિતી સેવા
૨. વાંચન અને પુસ્તક ઈશ્યુ સેવા
૩. બુક બેંક યોજના
૪. ઝેરોક્ષની સગવડ
૫. ઈન્ટરનેટ એક્સેસ
૬. વાંચન શિબિર અને બુકરિવ્યુ
૭. ગ્રંથાલય ઓરિએન્ટેશન
૮. પ્રસંગોચિત પુસ્તક પ્રદર્શન
૯. પુસ્તક મેળાનું આયોજન
૧૦. વિવિધ વિષયના અભ્યાસક્રમની માહિતી
૧૧. આંતરિક અને યુનિવર્સિટી પરીક્ષાના પ્રશ્નપત્રોના સેટ
૧૨. સ્પર્ધાત્મક પરીક્ષા
(જેવી કે GPSC, UPSC, SSC, CAT, NET, TOFEL વગેરે)
સંદર્ભિત તથા રોજગારલક્ષી માર્ગદર્શન
૧૩. આંતરિક પરીક્ષાની મોડેલ આન્સર બુક
૧૪. ઉચ્ચ પ્રતિભા ધરાવનાર વિદ્યાર્થી માટે 'ગોલ્ડન ફોર એડવાન્સ લર્નર' યોજના
૧૫. નવાં આવેલાં પુસ્તકોની યાદી અને પ્રદર્શન
૧૬. ભૂતપૂર્વ વિદ્યાર્થી, શિક્ષકો અને સમાજના અભ્યાસુ નાગરિકોને પણ ગ્રંથાલયની સેવાઓનો લાભ

# પરીક્ષા પદ્ધતિ

## બી.એ. / બી.કોમ. : સેમ. ૧ થી ૬ અને એમ.એ. : સેમ. ૧ થી ૪

યુનિવર્સિટીના ધારાધોરણો મુજબ સેમિસ્ટર કક્ષાએ દરેક વર્ગમાં એક આંતરિક કસોટી (કોલેજ દ્વારા) તથા સતત મૂલ્યાંકન માટે યુનિટ ટેસ્ટ અને સત્રના અંતે સત્રાંત પરીક્ષા (યુનિ. દ્વારા) યોજાય છે.

યુનિ. પરીક્ષામાં દરેક પેપર ૭૦ ગુણનું અને અઢી કલાકનું હોય છે. જેમાં પાસ થવા માટેનું લઘુત્તમ ધોરણ ૨૮ ગુણનું છે. આ ઉપરાંત, દરેક પેપરમાં ૩૦ ગુણ આંતરિક ગુણાંકનના હોય છે. જે પૈકી ૨૦ ગુણ આંતરીક કસોટી અને યુનિટ ટેસ્ટના પરિણામના આધારે તેમજ ૧૦ ગુણ વિદ્યાર્થીએ વર્ગમાં કરેલ સેમિનાર, એસાઈમેન્ટ, હાજરી, શિક્ષણ સંદર્ભિત અન્ય પ્રવૃત્તિઓ વગેરેને ધ્યાનમાં રાખીને અપાય છે. વિદ્યાર્થીએ આ ૩૦ ગુણમાંથી લઘુત્તમ ૧૨ ગુણ મેળવવા જરૂરી છે.








# વાણિજ્ય શાખા - બી.કોમ. (સ્નાતક કક્ષા)

| વિષયો | સેમિસ્ટર-૧ | સેમિસ્ટર-૩ | સેમિસ્ટર-૫ |
|---|---|---|---|
| કોર કમ્પલસરી (ફરજીયાત) | ૧. ધંધાકીય અર્થશાસ્ત્રના મૂળતત્ત્વો -૧<br>૨. માનવ સંશાન સંચાલન<br>૩. એકાન્ટન્સિ-૧<br>૪. Communication in Business | ૧. ધંધાકીય પર્યાવરણ અને આર્થિકનીતિ-૧<br>૨. ભારતીય નાણાકીય પદ્ધતિ<br>૩. કરવેરા પરિચય-૧<br>૪. Commercial COmmunication | ૧. નાણું, વિત્તવ્યવસ્થા અને ભારતીય અર્થતંત્ર-૧<br>૨. માર્કેટીંગ મેનેજમેન્ટ<br>૩. Corporate Communication<br>૪. ધંધાકીય આંકડાશાસ્ત્ર-૧<br>૫. વેપારી કાયદો-૧ |
| કોર ઈલેક્ટિવ (મુખ્ય) | ૫. નાણાકીય હિસાબી પદ્ધતિ | ૫. પડતર હિસાબી પદ્ધતિ -૧<br>૬. કોર્પોરેટ એકાઉન્ટિંગ - ૧ | ૬. પડતર અને નાણાકીય હિસાબ પદ્ધતિ-૧<br>૭. સંચાલકીય હિસાબી પદ્ધતિ |
| સબ્જેક્ટ ઈલેક્ટિવ (ગૌણ) | ૬. S.P.-I | ૭. S.P. - III | |
| Foundation : | ૭. ટેલી એકાઉન્ટીંગ | ૮. પર્યાવરણીય અભ્યાસ | ૮. સામાન્ય જ્ઞાન |
| Soft Skill : | ૮. ઉદ્યોગ સાહસિકતાનાં મૂળતત્ત્વો-૧ | | |

# વિવિધ અભ્યાસક્રમ માટે વર્ગવાર ફીના દર

| સેમિસ્ટર વિગત | બી.એ. / બી.કોમ. | | | એમ.એ. (અંગ્રેજી, ગુજરાતી) | |
|---|---|---|---|---|---|
| | સેમ.-૧ | સેમ.-૩ | સેમ.-૫ | સેમ.-૧ | સેમ.-૩ |
| ભાઈઓ | ૨૩૦૦/- | ૧૮૦૦/- | ૧૮૫૦/- | ૩૯૭૫/- | ૩૮૦૦/- |
| બહેનો | ૧૭૦૦/- | ૧૨૦૦/- | ૧૨૫૦/- | | |
| ઈતિહાસ (સેલ્ફ ફા.) | ૪૨૦૦/- | ૩૭૦૦/- | ૩૭૫૦/- | | |
| સમાજશાસ્ત્ર (સેલ્ફ ફા.) | ૪૨૦૦/- | ૩૭૦૦/- | ૩૭૫૦/- | | |







# અભ્યાસના વિષયો

## ૧ બી.એ. (સ્નાતક કક્ષા)

**સેમ.૧ અને ૨ :** કુલ પેપર - ૮ : ફાઉન્ડેશન કમ્પલસરી (ફ. અંગ્રેજી)-૧ + ફાઉન્ડેશન ઈલેક્ટિવ (ફ.સંસ્કૃત) + કોર કમ્પલસરી (મુખ્ય) - ૨ + કોર ઈલેક્ટિવ (પ્ર.ગૌણ) - ૨ + ઈલેક્ટિવ ઓપન (દ્વિ. ગૌણ) - ૧ + ઈલેક્ટિવ જેનરીક-૧

**સેમ-૩ અને ૪ :** કુલ પેપર - ૭ : ફાઉન્ડેશન કમ્પલસરી (ફ.અંગ્રેજી) - ૧ + કોર કમ્પલસરી (મુખ્ય) - ૩ + કોર ઈલેક્ટિવ (પ્ર.ગૌણ) - ૨ + ઈલેક્ટિવ જેનરીક - ૧

**સેમ-૫ અને ૬ :** કુલ પેપર-૭ : ફાઉન્ડેશન કમ્પલસરી (ફ. અંગ્રેજી) - ૧ + કોર કમ્પલસરી (મુખ્ય) - ૫ + ઈલેક્ટિવ જેનરીક- ૧

**નીચેના કોર કમ્પલસરી (મુખ્ય) અને કોર ઈલેક્ટિવ (પ્ર.ગૌણ) વિષય સમૂહોમાંથી પસંદગીનો કોઈપણ એક વિષયસમૂહ પસંદ કરી શકાશે.**

| કોર કમ્પલસરી (મુખ્ય) | કોર ઈલેક્ટિવ (પ્ર.ગૌણ) |
|---|---|
| અંગ્રેજી | સમાજશાસ્ત્ર અથવા સંસ્કૃત અથવા હિન્દી અથવા ઈતિહાસ |
| ગુજરાતી | સમાજશાસ્ત્ર અથવા સંસ્કૃત અથવા હિન્દી અથવા ઈતિહાસ |
| અર્થશાસ્ત્ર | સમાજશાસ્ત્ર અથવા સંસ્કૃત અથવા હિન્દી અથવા ઈતિહાસ |
| સમાજશાસ્ત્ર | સમાજશાસ્ત્ર અથવા સંસ્કૃત અથવા હિન્દી અથવા ઈતિહાસ |
| ઈતિહાસ | સમાજશાસ્ત્ર અથવા સંસ્કૃત અથવા હિન્દી |

### ઈલેક્ટિવ ઓપન (દ્વિ. ગૌણ) - (ફક્ત સેમ.૧ અને ૨ માટે)

નીચેનામાંથી કોર કમ્પલસરી (મુખ્ય) અને કોર ઈલેક્ટિવ (પ્ર.ગૌણ) વિષય સિવાયનો એક વિષય પસંદ કરવાનો રહેશે.

**સંસ્કૃત** અથવા **ઈતિહાસ** અથવા **સમાજશાસ્ત્ર** અથવા **હિન્દી**

### ઈલેક્ટિવ જેનરીક : સેમ. અનુસાર આપેલ વિષયોમાંથી ગમે તે એક વિષય પસંદ કરી શકાશે.

| | |
|---|---|
| સેમ - ૧ | ભારતીય બંધારણ અથવા કમ્પ્યૂટર સ્કીલ - 1 અથવા રાઈટીંગ સ્કીલ ઈન ગુજરાતી |
| સેમ - ૨ | ભારતીય ભૂગોળ અથવા કમ્પ્યૂટર સ્કીલ - 2 અથવા રાઈટીંગ સ્કીલ ઈન હિન્દી |
| સેમ - ૩ | પર્યાવરણ અથવા ડિઝાસ્ટર મેનેજમેન્ટ |
| સેમ - ૪ | ગુજરાતનો સાંસ્કૃતિક વારસો અથવા ગાંધી, સરદાર અને સ્વામી વિવેકાનંદના રાષ્ટ્રનિર્માણના વિચારો |
| સેમ - ૫ | ભારતનો ઈતિહાસ (આધુનિક) અથવા માનવ અધિકાર અથવા લાયબ્રેરી લર્નિંગ રિસોર્સ |
| સેમ - ૬ | પર્સનાલિટી ડેવલોપમેન્ટ અથવા હેલ્થ મેનેજમેન્ટ |

**વિશેષ નોંધ :** બી.એ. સેમિ.૧ માં પ્રવેશ વખતે પસંદ કરેલ મુખ્ય વિષયના અનુસંધાને નક્કી કરેલ વિષય ગ્રુપમાંથી પ્રથમ ગૌણ વિષય પસંદ કરવાનો રહેશે. વળી, પસંદ કરેલ મુખ્ય અને પ્રથમ ગૌણ વિષય સિવાયના વિષયોમાંથી દ્વિતીય ગૌણ વિષય પસંદ કરવાનો રહેશે.

### Certificate Courses :

1. Soft Skills and Personality Development
2. Youth Co-operative Training
3. Communication Skills in English
4. Life With Bhagvad Gita

## ૨. અનુસ્નાતક (એમ.એ.)

વિષયો : ગુજરાતી, અંગ્રેજી, અર્થશાસ્ત્ર

## વિશેષ નોંધ :

૧. સરકારશ્રીમાંથી SC/ST/OBC / વિકલાંગ વિદ્યાર્થીઓની સ્કોલરશિપ મંજૂર થતા ભરેલ ફી પરત મળશે.
૨. સ્કોલરશિપનો લાભ ન મેળવનાર ગરીબ વિદ્યાર્થીઓને મેરિટના આધારે મર્યાદિત માત્રામાં ફી માફી મળશે.
૩. ઉપરોક્ત ફીના દર યુનિવર્સિટી તથા સરકારશ્રીના વખતો વખત નિયમોને આધીન ફેરફારને પાત્ર છે.

### ● પ્રવેશ માટે જરૂરી ડોક્યુમેન્ટ :

૧. શાળા છોડ્યાના પ્રમાણપત્ર (એલ.સી.)ની પ્રમાણિત નકલ તથા બે પાસપોર્ટ સાઈઝના ફોટા
૨. છેલ્લે પસાર કરેલી પરીક્ષાની માર્કશીટની એક પ્રમાણિત નકલ તેમજ એક પ્રમાણિત કર્યા વિનાની નકલ
૩. અનામત કક્ષાના વિદ્યાર્થીઓ માટે જાતિના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ
૪. ધોરણ-૧૨ પછી સળંગ અભ્યાસમાં તૂટ પડેલ હોય તો રૂા. ૨૦/- ના સ્ટેમ્પ પેપર પર મામલતદાર કે સમકક્ષ અધિકારી અથવા નોટરી સમક્ષ કરેલ એફિડેવિડ
૫. નિયત ફી ની રકમ

### ● વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ આર્થિક સવલતો :

૧. SC/ST/OBC તથા આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓને સરકારશ્રીના ધારા ધોરણ મુજબ સ્કોલરશિપ તથા ફી માફી.
૨. શારીરિક વિકલાંગ સ્કોલરશિપ, બીડી કામદાર, શ્રમિક સ્કોલરશીપ, માઈનોરીટી વિગેરે
૩. ગરીબ વિદ્યાર્થી રાહત ફંડ અંતર્ગત ફી માફી
૪. કન્યા કેળવણી ફી માફી (સરકારશ્રીમાંથી આવેથી ખાતામાં જમા થશે.)
૫. નેશનલ મેરિટ સ્કોલરશિપ
૬. ગુજરાત રાજ્ય વ્યાજ મુક્ત લોન - સ્કોલરશિપ તથા નેશનલ મેરિટ લોન સ્કોલરશિપ
૭. ગુજરાત રાજ્ય ઉચ્ચ શિક્ષણ સ્કોલરશિપ
૮. કોલેજ દરેક વિદ્યાર્થીના કલ્યાણને ધ્યાનમાં રાખી રૂા. ૧ લાખનો ન્યુ ઈન્ડિયા ઈશ્યોરન્સ કંપનીનો આકસ્મિક વીમો લે છે.
૯. કોલેજમાં પ્રવેશ લેતાં દરેક વિદ્યાર્થીને ગુજરાત સરકારની શહીદ વીર કિનારીવાલા વીમા યોજના નીચે રૂા. ૧ લાખની આકસ્મિક વીમા કવચ યોજનાનો લાભ આપવામાં આવે છે.
૧૦. NAMO e-tab યોજના અંતર્ગત ૧૦૦૦/- ના ટોકન દરે ટેબલેટ વિતરણ થાય છે.

## :: કોલેજ કેમ્પસમાં શિસ્ત અંગેની સૂચનાઓ ::

૧. કોલેજના દરેક વિદ્યાર્થી પાસે તેનું ઓળખપત્ર હોવું ફરજિયાત છે.
૨. વિદ્યાર્થીએ સમયપત્રક મુજબનાં વર્ગ વ્યાખ્યાન (તાસ)માં હાજરી આપવી અનિવાર્ય છે. વ્યાખ્યાન છોડી કેમ્પસમાં ફરવું કે બેસવું નહિ.
૩. દરરોજ સવારે થતી પ્રાર્થના દરમિયાન કોલેજમાં અવરજવર કે વાતચીત કરવી નહીં.
૪. તાસ ન હોય તે સમયે વિદ્યાર્થીઓએ કોલેજ લાઈબ્રેરી કે વાંચનાલયનો ઉપયોગ કરવો. જ્યારે વિદ્યાર્થીનીઓએ લાઈબ્રેરી અથવા લેડીઝ રૂમમાં બેસવું.
૫. વર્ગો ચાલુ હોય ત્યારે કોઈપણ વિદ્યાર્થીએ વર્ગખંડો આગળ અવરજવર કરવી નહીં.
૬. કોલેજ કેમ્પસમાં સિગારેટ, પાન-મસાલા, ગુટકા વગેરે રાખવા તેમજ તેના સેવન માટે પ્રતિબંધ છે.
૭. કોલેજની માલ-મિલકતને નુકશાન થાય તેવી પ્રવૃત્તિ કરવી નહીં.
૮. કોલેજ કેમ્પસ કે તેની આસપાસના વિસ્તારમાં વિદ્યાર્થીઓ દ્વારા મારામારી, પજવણી, રેગીંગ કે અન્ય કોઈપણ પ્રકારનું ગેરવર્તન જેવી બાબતો ગંભીર સજાને પાત્ર બનશે. આ સંદર્ભે કોલેજમાં ફરિયાદ નિવારણ સેલ અને વુમન સેલ કાર્યરત છે.
૯. કોલેજના ભવનમાં મોબાઈલ લાવવો નહીં.
૧૦. કોલેજમાં વિદ્યાર્થીએ હંમેશાં શિસ્તબદ્ધ અને વિનયપૂર્ણ વર્તવાનું રહેશે.
૧૧. વિદ્યાર્થીએ આંતરિક પરીક્ષાઓ કોલેજે નિયમ કરેલા કાર્યક્રમ પ્રમાણે આપવાની રહેશે. આ પરીક્ષાઓ પૈકી કોઈ પરીક્ષા કોઈપણ કારણસર આપશો નહિ તો તેની જવાબદારી વિદ્યાર્થીની રહેશે.
૧૨. કોલેજ દ્વારા યોજાનારા સાંસ્કૃતિક કાર્યક્રમો, પ્રવૃત્તિઓ વગેરેમાં વિદ્યાર્થીએ પ્રત્યક્ષ ભાગ લેવો અને કોલેજ આ સંદર્ભમાં જે વ્યવસ્થા ગોઠવશે તે વિદ્યાર્થીએ માન્ય રાખવી.
૧૩. કોલેજ સમય દરમ્યાન વિદ્યાર્થી કોઈ નોકરી કરી શકશે નહી અને કોલેજ સમય પછી નોકરી કે કામગીરી સ્વીકારતાં પહેલાં વિદ્યાર્થીએ આચાર્યશ્રીને જાણ કરી, તેમને નોકરીએ રાખનારનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

૧૪. ઉપરોક્ત કોઈપણ નિયમનો ભંગ વિદ્યાર્થી વ્યક્તિગત કે સમૂહમાં રહી કરશે તો આચાર્યશ્રી દ્વારા શિક્ષાત્મક પગલાં લેવાશે.

૧૫. યુનિવર્સિટી અને કોલેજના પ્રવર્તમાન ધારાધોરણો અને શિસ્તના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૬. વિદ્યાર્થીના વાલીએ પણ આ નિયમો વંચાણમાં લઈ પોતાનો પાલ્ય વર્ગમાં નિયમિત હાજરી આપશે અને કોલેજના નિયમો શરતોનું પાલન કરશે એ માટે સંસ્થાને બાંહેધરી આપવાની રહેશે.

ઉપરોક્ત નિયમોનું પાલન કરવું ફરજિયાત છે. તેનો ભંગ કરનાર વિદ્યાર્થી શિક્ષા અને દંડને પાત્ર બનશે. ગંભીર ગેરવર્તણૂંકને કારણે વિદ્યાર્થીનો કોલેજ પ્રવેશ રદ કરવા સુધીના પગલાં સંસ્થા લઈ શકશે.

## ● વિશેષ નોંધ :

કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની કે વિદ્યાર્થીને કોલેજ કેમ્પસ કે કોલેજમાં આવવા -જવા દરમિયાન કોઈપણ પ્રકારની પજવણી, રેગીંગ વગેરે કોલેજના વિદ્યાર્થી કે અન્ય લોકો દ્વારા થતું હોય એવું લાગે તો તે આ અંગેની ફરિયાદ આચાર્યશ્રી, વિમેન સેલ અથવા કોલેજના કોઈપણ કર્મચારીને કરી શકશે. આ સંદર્ભે ફરિયાદને ચકાસી ત્વરિત પગલાં લેવાશે.

સંપર્ક ફોન : ૧. આચાર્યશ્રી : ૮૭૫૮૫૮૦૬૦૬

૨. પ્રા. મીનાબેન પટેલ - ૯૪૨૮૮૪૮૪૬૦ ૩. હરેશ ચૌધરી - ૯૯૭૮૪૯૦૯૦૧


**COLLEGE HELPLINE**
**02761-231096**

## How to Apply ??


www.kheralucollege.org


**HELPLINE**
**Jasmin devi**
**7573917638**

Step-1





Step-2





Step-3




Step-4



# સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ

• **મંગલ પ્રવેશોત્સવ** : શૈક્ષણિક વર્ષના પ્રથમ સત્રના પ્રારંભે દર વર્ષે એફ.વાય.બી.એ. / બી.કોમના વિદ્યાર્થી ભાઇ-બહેનોને આવકાર-સત્કારનો કાર્યક્રમ યોજવામાં આવે છે. ***રાષ્ટ્રીય પર્વની ઉજવણી*** : ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાકદિન અને ૧૫મી ઓગષ્ટ સ્વાતંત્ર્યદિનની દર વર્ષે ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. વિશેષમાં કોલેજના એન.સી.સી. કેડેટસની ભવ્ય પરેડ યોજાય છે. ***સ્વયંશિક્ષણદિન ૫મી સપ્ટેમ્બર*** : શિક્ષકથી રાષ્ટ્રના સર્વોચ્ચપદે પહોંચનાર ડૉ. રાધાકૃષ્ણનનો જન્મદિન ૫મી સપ્ટેમબર સ્વયંશિક્ષણદિન દર વર્ષે યોજવામાં આવે છે. આ દિવસે સ્નાતક અને અનુસ્નાતક કક્ષા સુધીનું શૈક્ષણિક તેમજ વહીવટીકાર્ય વિદ્યાર્થી ભાઇ-બહેનો સંભાળે છે. આચાર્ય પદે રહી બહેનોએ પણ સુંદર કામગીરી સંભાળી છે. ***ગુરૂપૂર્ણિમા*** : ગુરૂપુર્ણિમાના પાવન અવસરે વિદ્યાર્થીઓ જાહેરમાં અધ્યાપકોને કુમકુમ તિલક કરી પુષ્પ અર્પણ કરી, ચરણવંદના કરી પોતાનો અહોભાવ વ્યક્ત કરે છે. ***અંધદિનની ઉજવણી:*** ૫મી સપ્ટે. અંધદિન તરીકે ઉજવવામાં આવે છે. ***શૈક્ષણિક પ્રવાસ*** : દરવર્ષે કોલેજ તરફથી શૈક્ષણિક અને ઐતિહાસિક પ્રવાસો યોજવામાં આવે છે. **સ્પોર્ટ્સ-ડે** : દર વર્ષે કોલેજનો સ્પોર્ટ્સ ડે ઉજવવામાં આવે છે. ખેરાલુ કોલેજ સ્પોર્ટ્સ ક્ષેત્રે સમગ્ર યુનિવર્સિટીમાં મોખરાનું સ્થાન ધરાવે છે. ***વાર્ષિકોત્સવ*** : દર વર્ષે કોલેજના ઓડેટિરિયમ હોલમાં વાર્ષિકોત્સવ યોજવામાં આવે છે. કોલેજની સાંસ્કૃતિક પ્રવૃત્તિના અધ્યક્ષશ્રી તથા સભ્યોના સહકારથી વર્ષ દરમિયાન સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની ઝલક પ્રસ્તુત કરવામાં આવે છે. ***ઇનામ વિતરણ સમારોહ*** : દર વર્ષે સંસ્થાના પ્રમુખશ્રી, મંત્રીશ્રી, હોદ્દેદારો, કારોબારી સભ્યો, વિદ્યાર્થીઓ, વાલીઓ, દાતાઓની હાજરીમાં કોલેજના આચાર્યશ્રી તથા વિદ્વાન અતિથિઓ દ્વારા વાર્ષિકોત્સવ પ્રસંગે શૈક્ષણિક તેમજ વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેનાર ભાઇ-બહેનોને ઇનામ આપી પ્રોત્સાહન પૂરું પાડવામાં આવે છે. ઇનામો કેળવણી મંડળ તથા પ્રાધ્યાપકો તરફથી પણ એનાયત થાય છે. ***ભીંતપત્ર-પમરાટ*** : 'પમરાટ' ભીંતપત્રએ કોલેજની આગવી ઓળખ છે. દર મહિનાની પંદર તારીખે અંક પ્રકાશિત થાય છે, ***વ્યક્તિત્વ વિકાસ માર્ગદર્શન- કેરીઅર કોર્નર***: દર વર્ષે રોજગારને લગતી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. વર્તમાનપત્રોની જાહેરાત નોટીસબોર્ડમાં દર્શાવવામાં આવે છે. અનેક સ્પર્ધાત્મક પરીક્ષાઓનાં ફોર્મ ભરવામાં માર્ગદર્શન અપાય છે. ***ઈતર પ્રવૃતિઓ*** : સહ અભ્યાસિક પ્રવૃતિઓ સાથે ઈતર પ્રવૃતિઓનું પણ આયોજન, કરવામાં આવે છે. સાડી ડે, થેંક્સ ગીંવીગ ડે, ટ્રેડીશનલ ડે, સ્કુલ ડે, બ્લેક એન્ડ વાઇડ ડે, સેલ્ફી ડે, ડબ્બા ડે વગેરે ઉજવાય છે. આ ઉપરાંત મહેંદી હરીફાઈ, રંગોળી, વાનગી, માટીકામ, વેસ્ટમાંથી બેસ્ટ જેવી વિવિધ સ્પર્ધા પણ યોજવામાં આવે છે. વિજેતાઓને પ્રોત્સાહિત કરવામાં આવે છે. ***જ્ઞાન કસોટી સ્પર્ધા*** : કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું જનરલ નોલેજ તથા સાંપ્રત પ્રવાહોથી પરિચય કેળવે તે હેતુસર ભાવનગર વિકાસ વર્તુળ ટ્રસ્ટ આયોજીત જ્ઞાન કસૌટી સ્પર્ધા યોજવામાં આવે છે. તદ્દઉપરાંત કોલેજની જ્ઞાનધારા અંતર્ગત વિધ્વાનોના વક્તવ્યો અને વકતૃત્વ સ્પર્ધાઓ પણ યોજવામાં આવે છે.














*વિવેકાનંદ જયંતિ: જાન્યુઆરી માસમાં યુવા સપ્તાહ નિમિત્તે નહેરુ યુવાકેન્દ્ર- મહેસાણા દ્વારા ૧૨ જાન્યુઆરીએ વિવેકાનંદ જંયતિ પ્રસંગે તજજ્ઞોનાં વ્યાખ્યાન તથા પ્રતિજ્ઞા લેવડાવવામાં આવે છે. *વિશ્વ એઈડ્સ દિનની ઉજવણી : UNO તરફથી ૧ ડીસેમ્બરને વિશ્વ એઈડ્સ દિન તરીકે ઉજવવામાં આવે છે. કોલેજ તરફથી નગરમાં રેડ રીબીન ક્લબ અંતર્ગત રેલીનું આયોજન, પોસ્ટર, વ્યાખ્યાન દ્વારા લોકજાગૃતિ લાવવાના પ્રયત્નો હાથ ધરવામાં આવે છે.*ગીતા જંયતિ : સંસ્કૃત પરિક્ષા સંસ્કૃત સાહિત્યના પ્રચાર- પ્રસાર અર્થે ભગવદ્દગીતાના શ્લોકગાન-પઠન સ્પર્ધા રાખવામાં આવે છે, *શહીદદીન : ૩૦મી જાન્યુઆરીએ મહાત્મા ગાંધીજીના નિર્વાણ દિન નિમિત્તે દિવસના અગિયાર કલાકે કોલેજમાં ' શહીદોની યાદમાં' બે મિનિટનું સૂચક મૌન આપી રાષ્ટ્ર પ્રત્યેની વફાદારી, જવાબદારીનું ઉદવહન થાય છે. *ગ્રામાભિમુખ શિબિરો : ભારત સરકારની રાષ્ટ્રીય સેવા યોજના અન્વયે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણના એન.એસ.એસ. વિભાગના શ્રી ડૉ. જે.ડી. ડામોરના સહયોગથી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખેરાલુ તાલુકાના અનેક ગામોમાં રાષ્ટ્રીય સેવા યોજના યુનિટના ૧૦૦ સ્વયંસેવકો અને બે પ્રોગ્રામ ઑફિસરો સાત દિવસિય સિબિર દ્વારા ગ્રામાભિમુખ ચેતનાને જાગૃત કરવા શિબિરોનું આયોજન કરવામાં છે. *મહિલા ડેવલપમેન્ટ સેલ: સ્ત્રીઓને ફરજના સ્થળે – અભ્યાસના સ્થળે થતી જાતિય સતામણી નિવારવાના હેતુસર મહિલા સેલની રચના કરવામાં આવેલ છે. જેની સમયાંતરે બેઠકો યોજાય છે. જેમાં મહિલા સમસ્યાઓનું માર્ગદર્શન-નિરાકરણ કરવામાં આવે છે. *એકેડેમિક કેલેન્ડર : યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન અને હેમ.ઉ.ગુ. યુનિવર્સિટી પાટણની માર્ગદર્શક સૂચનાઓને ધ્યાને લઈને દર વર્ષે શિક્ષણ તથા પરિક્ષણ કાર્ય માટે એકેડેમિક કેલેન્ડર તૈયાર કરવામાં આવે છે. જેમાં વર્ષ દરમિયાન ૨૦૦ દિવસનું શિક્ષણકાર્ય, કૉલેજ પ્રવેશ – પ્રવિધિઓ – અધ્યયન ( શિક્ષણ ), પરીક્ષા – રીટેસ્ટ, ઈન્ટર્નલ ગુણ, પરિણામોની નિશ્રિત તારીખો, શૈક્ષણિક વર્ષનો આરંભ અને સત્ર સમાપ્તિની તારીખો, તહેવારો, કાર્યક્રમોનું ભાવિષ્ય આયોજન એકેડેમિક કેલેન્ડર દ્વારા સૂચિતાર્થ બને છે. *ફરિયાદ નિવારણ સેલ : પ્રશ્નપેટી - વિદ્યાર્થીઓ નિર્ભીકપણે વિદ્યાભ્યાસમાં પડતી મુશ્કેલીઓની- પ્રશ્નોની રજૂઆત કરી શકે તે માટે દાદ- ફરિયાદ નિવારણ સમિતિની રચના કરવામાં આવેલ છે. એક પ્રશ્નપેટી રાખવામાં આવેલ છે જે આચાર્યશ્રીની હાજરીમાં ખોલી ફરીયાદ નિવારણ સમિતિ વિદ્યાર્થીઓના પશ્નોના નિરાકરણ માટે પ્રયત્નો હાથ ધરે છે. *શિક્ષણની વિસ્તરતી ક્ષિતિજો : ખેરાલુ કોલેજ રોજબરોજની પ્રવૃતિઓ ઉપરાંત શિક્ષણની કેડીએ કેટલાક નવાં પ્રસ્થાનો કર્યા છે. *પીએચ. ડી. પદવી અને માઈનોર પ્રોજેક્ટ : હાલમાં કુલ ૧૧ અધ્યાપકો પી.એચ.ડી. ની પદવી ધરાવે છે, તેમજ ૫ અધ્યાપકો પીએચ.ડી. રજીસ્ટર થઇ સંશોધન કાર્યમાં પ્રવૃત છે. તાજેતરમાં અંગ્રેજી વિષયના એક અધ્યાપકની પીએચ.ડી. ગાઇડ તરીકે પણ નિમણૂક થયેલ છે. કોલેજના ત્રણેક અધ્યાપકોએ યુ.જી.સી. માઇનોર રીસર્ચ પ્રોજેકટ પૂર્ણ કરી સંશોધનકાર્ય વેગમાન બનાવ્યું છે. *સેમિનાર : અંગ્રેજી, ગુજરાતી, અર્થશાસ્ત્ર, હિન્દી, સંસ્કૃત, સમાજશાસ્ત્ર, ઇતિહાસ વિભાગના અવારનવાર નેશનલ કે સ્ટેટ લેવલના સેમિનાર યોજવામાં આવે છે. *મતદારયાદી સુધારણા કાર્યક્રમ : યુવા વિદ્યાર્થી મતદાતાઓની નોંધણી માટે ઝુંબેશ ચલાવવામાં આવે છે.













સંપર્ક :

**ધી કે.એન.એસ.બી.એલ.**
**આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ખેરાલુ**

**પ્રો. કેશુભાઈ દેસાઈ વિદ્યાસંકુલ, સિધ્ધપુર ચાર રસ્તા પાસે, અંબાજી હાઈવે, ખેરાલુ.**
**મો. ૭૫૭૩૯૧૭૬૩૮, ૯૪૨૭૨૮૪૩૬૫**

Follow us : collegekheralu Kheralucollege Kheralucollege app